# અંદાજપત્રીય વિહંગાવલોકન ૨૦૦૭-૨૦૦૮

| **(૧) એકત્રિત ફંડ** | **(રૂા. કરોડમાં)** |
|---|---|
| મહેસૂલી આવક | ૩૨૯૬૪.૨૨ |
| મહેસૂલી ખર્ચ | ૩૧૩૧૩.૩૬ |
| **મહેસૂલી આવક પર પુરાંત** | **(+) ૧૬૫૦.૮૬** |
| મૂડી આવક | ૧૦૩૯૪.૧૨ |
| લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૧૪૪૦.૪૦ |
| મૂડી હિસાબ પર ખાધ | **(-)** ૧૦૪૬.૨૮ |
| સરવાળો (૧) એકત્રિત ફંડ(ચોખ્ખું) | (+) ૬૦૪.૫૮ |
| (૨) આકસ્મિક ફંડ (ચોખ્ખું) | -- |
| (૩) જાહેર હિસાબ (ચોખ્ખો) | (-) ૨૭૫.૦૦ |
| **સરવાળો, ચોખ્ખી લેવડ દેવડ (૧+૨+૩)** | (+) **૩૨૯.૫૮** |

- ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રમાં રાજ્યની **કુલ આવક રૂા. ૪૩૩૫૮.૩૪ કરોડ** પૈકી મૂડી આવક રૂા. ૧૦૩૯૪.૧૨ કરોડ અંદાજવામાં આવી છે. જેમાં નાની બચતના રોકાણો સામેની લોન રૂા.૬૯૦૨.૬૦ કરોડ, જાહેર બજારની લોન રૂા.૮૦૦ કરોડ, નાણાકીય સંસ્થાઓ તરફથી મળનાર લોન રૂા.૧૦૩૬.૨૧ કરોડ અને વિશ્વબેંક તથા એશિયન ડેવલપમેન્ટ બેંક તરફથી મળનાર લોન રૂા.૪૨૧.૦૪ કરોડનો સમાવેશ થાય છે.
- ઉપરોક્ત આવક સામે અંદાજેલ કુલ ખર્ચ **રૂા.૪૨૭૫૩.૭૬ કરોડ** પૈકી મહેસૂલી ખર્ચ **રૂા.૩૧૩૧૩.૩૬ કરોડ** અંદાજવામાં આવ્યો છે અને મૂડી સદરે **રૂા.૧૧૪૪૦.૪૦ કરોડ** ખર્ચ અંદાજવામાં આવેલ છે.
- આ ખર્ચ પૈકી જાહેર દેવાના વ્યાજ અંગે રૂા.૭૦૧૧.૫૭ કરોડ જયારે દેવાની પરત ચૂકવણી અંગેની રૂા.૨૫૬૧.૦૯ કરોડની જોગવાઇનો સમાવેશ થાય છે.
- ઉપરોકત અંદાજોને અનુલક્ષીને મહેસૂલી ખાધમાંથી મહેસૂલી પુરાંતની સ્થિતિ નીચે મુજબ છેલ્લા બે વર્ષમાં ઉભી થવા પામેલ છે.

(રૂપિયા કરોડમાં)

| **વર્ષ** | **મહેસૂલી ખાધ / પુરાંત** |
|---|---|
| ૨૦૦૪-૨૦૦૫ના હિસાબો | (-) ૪૦૩૬.૮૬ |
| ૨૦૦૫-૨૦૦૬ના હિસાબો | (-) ૩૯૮.૬૨ |
| ૨૦૦૬-૨૦૦૭ ના સુધારેલ અંદાજ | (+) ૧૮૦૨.૮૫ |
| ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજ | (+) ૧૬૫૦.૮૬ |

૨૦૦૭-૨૦૦૮ના અંદાજ મુજબ મહેસૂલી ખર્ચમાં સહાયક અનુદાન તરીકે નોંધાયેલ ખર્ચની રકમ અંદાજે **રૂા.૭૭૩ કરોડ** કે જે મૂડી કામો તરીકે ખર્ચવાની છે તે ગણત્રીમાં લેતાં ખરેખર મહેસૂલી પુરાંતની રકમ વધીને **રૂા.૨૪૨૩.૮૬ કરોડ** રહેશે. આમ, રાજય સરકારના સુદ્રઢ નાણાકીય વ્યવસ્થાપન, કરકસરના પગલાં અને મહેસૂલી આવક વધારવાના સઘન -યત્નોને કારણે **રાજયની મહેસૂલી ખાધ નિર્મૂળ કરીને રાજ્ય સરકાર છેલ્લા બે વર્ષથી મહેસૂલી પુરાંતમાં આવેલ છે.**

- દસમી પંચવર્ષિય યોજનાના કદ રૂા.૪૭૦૦૦ કરોડ સામે **અગિયારમી પંચવર્ષિય યોજનાનું કદ રૂા.૧ લાખ કરોડનું** નિયત કરવામાં આવેલ છે. આ કદ અત્યાર સુધીની **તમામ પંચવર્ષિય યોજનામાં** ખચાયેલ કુલ રકમના સરવાળા જેટલું છે.
- રાજયની વાર્ષિક યોજનાનું કદ **રૂા.૧૫૫૦૬.૦૦ કરોડ**નું રાખવામાં આવેલ છે. જેમાં સામાજીક સેવાઓ માટે **રૂા.૬૨૬૫.૦૫ કરોડ**ની જોગવાઇ રાખવામાં આવેલ છે. જે કુલ જોગવાઇના **૪૦ ટકા** જેટલી થવા જાય છે. સામાજીક સેવાના સદરે સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી છે. જેમાં પીવાનું પાણી, -ાથમિક શિક્ષણ, આવાસન, આરોગ્ય સંભાળ અને પોષણનો પણ સમાવેશ થાય છે.
- ધરતીકંપ રાહતના કામો માટે વિશ્વબેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક તરફથી મળનારી સહાય ઘ્યાને રાખીને ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના સદર હેઠળ આયોજન ખર્ચની **રૂા.૫૪૮ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં વિવિધ નવી યોજનાઓ માટે રૂા.૩૨.૦૪ કરોડની નવી સેવા રજુ કરવામાં આવેલ છે.
- કુદરતી આપત્તિ વખતે જરૂરીયાત -માણેની કામગીરી કરવા કલામીટી રીલીફ ફંડ સાથે **રૂા.૪૯૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે.
- શિક્ષણના સદરે **રૂા.૧૦૭૦.૧૨૦૦ કરોડનું** વિવિધ યોજનાઓ હાથ ધરવા આયોજન કરેલ છે.
- કન્યા કેળવણી રથયાત્રા દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના પરિણામે ચાલુ વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માં ૯૯.૦૨ ટકા જેટલો ઉંચો શાળા પ્રવેશ દર હાંસલ કરેલ છે. જે માટે રૂા.૫૮ લાખની નાણાકીય સહાય કરવામાં આવનાર છે.
- ૧૫ થી ૩૫ વર્ષની ઉંમરની વ્યકિતઓમાં અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવે અને તેમનો આત્મવિશ્વાસ વધે તે માટે ૫ લાખ વ્યકિતઓને ૧૦૦૦ કેન્દ્રો મારફત તાલીમ આપવા રૂા.૭ કરોડનું આયોજન કરેલ છે.
- ગ્રામમિત્ર (શિક્ષણ)ને શૈક્ષણિક કીટ આપવા રૂા.૧.૫૦ કરોડનું આયોજન કરેલ છે.
- વિજ્ઞાન, કાયદો અને સંશોધનની કક્ષા ઉંચી લાવવા રૂા.૧૫.૪૨ કરોડનું આયોજન કરેલ છે.
- યોગ, પ્રાણાયમ અને વિદ્યા લક્ષ્મી બોન્ડ માટે રૂા.૩.૯૭ કરોડનું આયોજન કરેલ છે.
- ૫૨ નવી બિનસરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ખોલવા રૂા.૧.૨૫ કરોડનું આયોજન કરેલ છે.
- મોડેલ સ્કુલ માટે રૂા.૪ કરોડનું આયોજન કરેલ છે.
- સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૩ અને ૪ માં ભણતા બાળકોને મફત નોટબુકો આપવા રૂા.૨.૯૧ કરોડનું આયોજન કરેલ છે.

- અગરિયાના બાળકો અને અન્ય પછાત વર્ગના બાળકોના શિક્ષણ માટે તેઓના વિસ્તારની નજીક સીઝનલ હોસ્ટેલ અને સહાયક શાળાઓની સગવડતા માટે **રૂા.૩.૦૯ કરોડનું** આયોજન કરેલ છે.
- વિદ્યા સહાયક યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૮૨,૧૪૮ વિદ્યા સહાયકોની ભરતી કરેલ છે અને હવે વધુ **૧૪૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી** કરવાની કામગીરી પ્રગતિમાં છે.
- કૃષિ અને સહકાર ક્ષેત્રે ચાલુ વર્ષની જોગવાઇ સામે ૪૯ ટકા જેટલો વધારો કરીને **રૂા.૬૪૫ કરોડનું** આયોજન કરેલ છે.
- ૭ લાખ કરતા વધારે ગરીબ ખેડૂતોને કૃષિ, બાગાયત અને પશુપાલનની કીટો આપવા **રૂા.૪૮.૮૫ કરોડનું** આયોજન કરેલ છે.
- કૃષિ યુનિર્વસીટી દ્વારા કૃષિ ક્ષેત્રે સંસોધન અને વિકાસ અર્થે એગ્રી એક્ષ્પોર્ટ, બીઝનેસ મેનેજમેન્ટ કોર્સ તથા એગ્રી ઇન્ફર્મેશન ટેકનોલોજી, સેન્ટર ફોર રૂરલ એન્જિનીયરીંગ એન્ડ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ તથા એવીયન પ્રોડકશન વગેરે જેવા નવા અભ્યાસક્રમ શરૂ કરવાનું આયોજન કરેલ છે.
- કૃષિ યુનિર્વસીટીઓને **રૂા.૩૬ કરોડની** આયોજન સદરે ફાળવણી કરેલ છે.
- ડેરી ડેવલોપમેન્ટના ક્ષેત્રે રોજગારી વધે તે હેતુસર રૂા.૩૦ કરોડનું આયોજન કરેલ છે. જે પૈકી **રૂા.૨૨ કરોડ ન્યુ ગુજરાત પેટર્ન** હેઠળ આદિજાતિ વિસ્તારમાં ફાળવવાનું આયોજન કરેલ છે.
- ખેત તલાવડી, સીમ તળાવ અને ગામ તળાવ ઉંડા કરવાની કામગીરી સાથે જળ સંગ્રાહક સ્ટ્રકચરો બાંધવા માટે **રૂા.૧૪૪ કરોડની** જોગવાઇ કરેલ છે.
- પાક કાપણી પછી ખેત પેદાશોની ગુણવત્તા જળવાય તે હેતુ અર્થે તાડપત્રી આપવા **રૂા.૨.૫૦ કરોડનું** આયોજન કરેલ છે.
- બાગાયત પાકની નિકાસમાં હવાઇ નુરમાં સબસીડી આપવા રૂા.૫૦ લાખનું આયોજન કરેલ છે.
- નવી એગ્રો ઇન્ડસ્ટ્રીયલ પોલીસી હેઠળ નાણાકીય સહાય આપવા રૂા.૪.૦૩ કરોડનું આયોજન કરેલ છે.
- ૨૫ નવા મોબાઇલ પશુચિકિત્સા દવાખાના ખોલવા રૂા.૧.૭૩ કરોડનું આયોજન કરેલ છે.
- કૃષિ મહોત્સવ-૨૦૦૭ દરમ્યાન દરેક ગામને જમીનની તાસીર જાણવા સોઇલ હેલ્થકાર્ડ આપવાનું આયોજન કરેલ છે.
- પશુધન સદર હેઠળની વિવિધ યોજનાઓ અંગે **રૂા. ૬૩ કરોડનું** આયોજન કરેલ છે.
- ૬૨ નવી પશુ સારવાર સંસ્થાઓની સ્થાપના માટે રૂા. ૪.૪૫ કરોડનું આયોજન કરેલ છે.
- પશુધનની ઉત્પાદકતા અને માળખાકીય સુવિધાઓ વધારવા રૂા. ૫ કરોડનું આયોજન કરેલ છે.
- ગીર અને કાંકરેજી જાતિની ગાયોના સંવર્ધન, ગોપાલન અને ગૌરક્ષણની કામગીરી અંગે રૂા. ૨.૯૧ કરોડનું આયોજન કરેલ છે.
- **વનીકરણ ક્ષેત્રે રૂા.૨૧૩ કરોડનું આયોજન કરેલ છે.** વન વિભાગ દ્વારા **૧ કરોડ ૪૭ લાખ ૫૪ હજાર જેટલી માનવ દિનની રોજગારી** ખાસ કરીને આદિજાતિ અને પછાત વિસ્તારમાં પુરી પાડવા આયોજન કરેલ છે.

- **નળસરોવર, કચ્છનું રણ અને વેળાવદરમાં ઇકો ટુરીઝમ -ાેજેકટ માટે રૂા.૮ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે.
- કચ્છના બન્ની વિસ્તારમાં ઘાસની ગુણવત્તા તથા ઉત્પાદકતા વધારવા **બન્ની વિસ્તાર વિકાસ કાર્યક્રમ** અમલમાં મુકવા રૂા. ૭.૨૫ કરોડનું આયોજન કરેલ છે.
- આદિજાતિ ખાતેદારોને વૃક્ષ ઉપજની રકમ ઝડપથી ચુકવી શકાય તે માટે રીવોલ્વીંગ ફંડની રચના કરેલ છે.
- ભારત સરકારની **સુવર્ણ જંયતિ ગ્રામિણ સ્વરોજગાર યોજના, ઇન્દિરા આવાસ યોજના, વોટર શેડ યોજના, સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના અને રાજ્ય સરકારની ટોટલ સેનીટેશન યોજનાઓ, ગોકૂલ ગ્રામ યોજના** અંગે રાજ્યના હિસ્સા અંગેના પુરેપુરા ફાળા અંગેની જોગવાઇ સાથે **ગ્રામ વિકાસ ક્ષેત્રે રૂા.૩૬૯.૫૨ કરોડ**નું આયોજન કરેલ છે.
- સરદાર પટેલ આવાસ યોજના હેઠળ **રૂા.૯૦ કરોડ**ની તેમજ ઇન્દિરા આવાસ યોજના હેઠળ રૂા.૪૨.૭૧ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.
- નિર્મળ ગુજરાતની ભાવના ઘ્યાને રાખીને ગામડાઓમાં ઘન કચરાના નિકાલ માટે રૂા.૨૦ કરોડનું આયોજન કરેલ છે.
- નિર્મળ ગુજરાતના અભિયાન હેઠળ ગ્રામ પંચાયતો દ્વારા જો ૧૦૦ ટકા સફાઇ વેરો ઉઘરાવવામાં આવે તો ૧૧૦ ટકા પ્રોત્સાહક ગ્રાન્ટ આપવા **રૂા.૫૦ કરોડની** રકમનું આયોજન કરેલ છે.
- ગામના સરપંચશ્રી, તલાટી કમ મંત્રી, ગ્રામ સેવકો, ગ્રામમિત્ર અને ગ્રામ કોમ્પ્યુટર સાહસિકોનો સમાવેશ કરી ગ્રામ સચિવાલયની સ્થાપના કરવા આયોજન કરેલ છે.
- ગ્રામમિત્રની નિમણૂંક કરી રોજગારી આપવાના હેતુસર **રૂા.૭૫ કરોડનું** આયોજન કરેલ છે.
- છેલ્લા ત્રણ વર્ષમાં ગુનો નોંધાયેલ ન હોય તે ગામને પાવનગામ તરીકે જાહેર કરી તે ગામને રૂા.૫૦૦૦૦ પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાનું આયોજન કરેલ છે.
- પંચવટી યોજના માટે **રૂા.૧૦ કરોડનું** આયોજન કરેલ છે.
- ગ્રામિણ આવાસન યોજનાની વસાહતમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવા **રૂા.૪૪.૯૨ કરોડનું** આયોજન કરેલ છે.
- સરદાર સરોવર પરિયોજના માટે કુલ **રૂા.૩૦૧૩ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે. જે રાજયની વાર્ષિક યોજનાની કુલ જોગવાઇના **૧૯.૪૩ ટકા** થાય છે.
- સુકી ધરતી અને સુકા પેટાળના જળાભિષેક માટે **સુજલામ્ સુફલામ્ યોજના** માટે **રૂા.૧૩૪૩.૦૩ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- સિંચાઇ પ્રભાગ હેઠળની વિવિઘ યોજનાઓ માટે **રૂા.૧૫૫૯ કરોડની** જોગવાઇનું આયોજન કરેલ છે.
- પીવાનું પાણી પુરૂં પાડવાની વિવિઘ યોજનાઓ માટે **રૂા.૧૨૨૦ કરોડનું માતબર આયોજન કરેલ છે.** જે વર્ષ ૨૦૦૬-૦૭ ની સરખામણીમાં ૪૪.૮૯ ટકાનો વધારો સુચવે છે.

- જનભાગીદારી દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીના આયોજન માટે રૂા.૯૭ કરોડનું આયોજન કરેલ છે. **આદિજાતિ વિસ્તારને** ખાસ પ્રાધાન્ય આપીને આ વિસ્તારમાં પીવાના પાણીના આયોજન માટે **રૂા.૧૮૦.૩૦ કરોડનું** આયોજન કરેલ છે.
- **ડ્રીપ ઇરીગેશનની સવલતો**નો લાભ અને વ્યાપ વધારવા માટે ધી **ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની**ને રૂા.૧૮૦ કરોડનો મૂડી ફાળો આપીને તે દ્વારા રાજ્યમાં બીજી હરિયાળી ક્રાંતિનું આહવાન કરવામાં આવેલ છે.
- **જ્યોતિગ્રામ યોજના** હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭ સુધીમાં **રૂા.૧૦૦૫ કરોડની** રકમનો ખર્ચ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ બાકી રહી ગયેલ દરેક ગામડામાં - દરેક ઘરમાં સતત ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવા **રૂા.૧૦૬ કરોડની જોગવાઇ** સૂચવેલ છે.
- ઘોઘા પાવર પ્રોજેક્ટ માટે મૂડી રોકાણ પેટે **રૂા. ૫૦ કરોડનું** આયોજન કરેલ છે.
- નવેલી પાવર પ્રોજેક્ટ માટે મૂડી રોકાણ પેટે **રૂા. ૧૫૦ કરોડનું** આયોજન કરેલ છે.
- વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭ દરમ્યાન અગિયાર કંપનીઓ સાથે ૧૪૦૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન માટે **રૂા.૫૫૦૦૦ કરોડના** મૂડી રોકાણ માટેના એમ.ઓ.યુ. થયેલ છે.
- નોલેજ મિશનના ભાગરૂપે પેટ્રોલીયમ ક્ષેત્રે માનવબળ પુરૂં પાડવાના અભિગમથી પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપનાનું આયોજન કરેલ છે.
- ગેસ ગ્રીડ યોજના હેઠળ ભરૂચ-જામનગર, દરોદ-પીપાવાવ, વડોદરા-હાલોલ અને મોરબી-મુન્દ્રા પાઇપલાઇનને આવરી લેવા **રૂા.૨૨૦ કરોડના ખર્ચે ૮૬૦ કિ.મી.ની ગેસ પરિવહન** પાઇપલાઇનના બાંધકામનું આયોજન છે.
- ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન દ્વારા રાજ્યના ધોરી માર્ગો ઉપર વાપી,, વલસાડ, નવસારી, ભરૂચ, નડિયાદ, કલોલ, મહેસાણા, ચાંદખેડા, બામણબોર, મોરબી, રાજકોટ, અમેરલી,જામનગર ભૂજ વગેરે સ્થળોએ ગેસ પાઇપલાઇન ઉપર વર્ષ **૨૦૦૮ સુધીમાં ૨૦ સ્થળોએ નવા સી.એન.જી. સ્ટેશનો** સ્થાપવાનું આયોજન છે.
- **વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમીટ** ૨૦૦૭માં **રૂા.૪,૫૦,૭૬૮ કરોડના** રોકાણવાળા ૩૪૨ -ોજેક્ટોની દરખાસ્તો પ્રાપ્ત થયેલ છે જેના કારણે **૧૦ લાખ વ્યકિતઓને રોજગારી** મળવાની સંભાવનાઓ છે.
- **વાયબ્રન્ટ ગુજરાત આઇ.ટી. સમીટ** થકી આશરે **૩,૨૫,૦૦૦ વ્યકિતઓને** રોજગારીની તકો મળનાર છે.
- **વાયબ્રન્ટ ગુજરાત અર્બન સમીટ** ૨૦૦૭ માં **રૂા.૨,૦૫,૦૦૦ કરોડના** મૂડી રોકાણની દરખાસ્તો દ્વારા આશરે ૮ લાખ વ્યકિતઓને રોજગારની તકો ઉભી થશે.
- વાયબ્રન્ટ ગુજરાતના જુદાજુદા આયોજન દ્વારા એક જ વર્ષના ટૂંકા ગાળામાં આશરે કુલ **રૂા.૬૬૬૦૦૦ કરોડના જંગી મૂડી રોકાણની** દરખાસ્તો મળેલ છે.
- લઘુ અને મધ્યમ ઉદ્યોગની માળખાકીય સુધારણા અંગેની વિવિધ યોજનાઓ માટે **રૂા.૮૦.૪૦ કરોડનું** આયોજન કરેલ છે.

- કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ૧,૨૦,૦૦૦ જેટલા લોકોને રોજગારી પુરી પાડવા **રૂા.૮૫ કરોડનું** આયોજન કરેલ છે.
- અગરિયાઓના કલ્યાણની વિવિધ યોજનાઓ અને મીઠા ઉદ્યોગના વિકાસ માટે **રૂા.૩૫.૯૭ કરોડનું** આયોજન કરેલ છે.
- જિલ્લાઓમાં પ્રવાસન સુવિધાઓ પુરી પાડવા જિલ્લાસત્તાધીશોને સહાય આપવા **રૂા.૫૦ કરોડની** જોગવાઇ કરવામાં આવેલ છે.
- કેવડીયા કોલોની ખાતે પ્રવાસન વિકાસ માટે નર્મદા વિભાગ દ્વારા **રૂા.૨૦ કરોડનો** ખર્ચ કરેલ છે.
- એકંદરે પ્રવાસન ક્ષેત્રે વિવિધ સુવિધાઓ અને સવલતો આપવા **રૂા.૧૦૦ કરોડની** જોગવાઇ કરવામાં આવેલ છે.
- આરોગ્ય વિષયક વિવિધ યોજનાઓ માટે **રૂા.૫૫૫.૨૦ કરોડનું** આયોજન કરેલ છે.
- શાળામાં અભ્યાસ કરતા બાળકોની આરોગ્ય તપાસના કાર્યક્રમ માટે **રૂા.૭.૧૦ કરોડની** જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજયના પછાત જિલ્લાની ગરીબી રેખા નીચે જીવતા સગર્ભા મહિલાઓને ખાનગી પ્રતિષ્ઠિત સ્ત્રી રોગના તજજ્ઞોની વિના મૂલ્યે સેવા મળે તે માટે ચિરંજીવી યોજના હેઠળ **રૂા.૨૭.૫૦ કરોડની** જોગવાઇ સૂચવેલ છે.
- માતૃવંદના યોજના હેઠળ **રૂા.૨૮.૨૫ કરોડની** જોગવાઇ સૂચવેલ છે.
- રાજ્યની તબીબી સુવિધાઓ સુદ્દઢ બનાવવા **રૂા.૫૦ કરોડનું** આયોજન કરેલ છે.
- હોસ્પિટલોને વધુ સ્વાયતત્તા આપવાના હેતુસર તેમજ તેમાં દાખલ થતા દર્દીઓને સુવિધા આપવાના હેતુસર ઉભી કરવામાં આવેલ રોગી કલ્યાણ સમિતિની કામગીરી માટે **રૂા.૭ કરોડ**નું આયોજન કરેલ છે.
- રાજ્યની ૬ સરકારી મેડીકલ કોલેજોમાં શૈક્ષણિક મહેકમ ઉભું કરવા રૂા.૧.૦૭ કરોડનું આયોજન કરેલ છે.
- નડિયાદ, પાલનપુર, અમરેલી, વલસાડ,મહેસાણા અને સોલા ખાતેની સિવિલ હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટરો ખાતે જરૂરી મહેકમ ઉભું કરવા રૂા.૪૯ લાખનું આયોજન કરેલ છે.
- વડોદરા અને ભૂજ ખાતે ફુડ એન્ડ ડ્રગ્સની લેબોરેટરીમાં વિવિધ સાધનો પુરા પાડવા **રૂા.૧.૧૧ કરોડનું** આયોજન કરેલ છે.
- પોરબંદર,ધાંગ્રધા અને રાજપીપળા **ખાતે સરકારી આયુર્વેદીક હોસ્પિટલ** શરૂ કરવા આયોજન કરેલ છે.
- હોમિયોપેથીક પદ્ધતિના પ્રચાર અને પ્રસાર માટે **૩૦ નવી હોમિયોપેથી ડીસપેન્સરીઓ** શરૂ કરવાનું આયોજન કરેલ છે.
- નેશનલ અર્બન રીફોર્મ મિશન યોજના હેઠળ શહેરોના માળખાકીય વિકાસ માટે **રૂા.૬૫૦ કરોડની** જોગવાઇ કરેલ છે.
- નિર્મળ ગુજરાત - નિર્મળ નગર માટે **રૂા.૯૮ કરોડની** ખાસ જોગવાઇ કરેલ છે.
- શહેરી ગરીબો માટે **૧ લાખ આવાસ** પુરા પાડવાની યોજના હાથ ધરેલ છે.

- શહેરી ગરીબોને રોજગારીની વિપુલ તકો પુરી પાડવા **રૂા.૧૧૬.૫૦ કરોડનું** આયોજન કરેલ છે.
- ૪૫૦૦ બેઠકની ક્ષમતા સાથેની ૧૦ નવી આઇ.ટી.આઇ. શરૂ કરવા **રૂા.૫.૮૦ કરોડનું** આયોજન કરેલ છે. જે પૈકી **૨ મહિલાઓ** માટે જ્યારે **૨ આદિજાતિ** વિસ્તારોમાં ઉભી કરવામાં આવશે.
- ૨ મહિલા રોજગાર કચેરીઓ શરૂ કરવાનું આયોજન કરેલ છે.
- ૨૦ આઇ.ટી.આઇ.ના આધુનિકરણ માટે **રૂા.૫.૮૦ કરોડનું** આયોજન કરેલ છે.
- રાજયના લોકોની **સુરક્ષા અને સલામતી** પુરી પાડવાની ભાવના સિદ્ધ કરવા માટે પોલીસ દળના આધુનિકરણની યોજના હેઠળ **રૂા.૧૩૪.૯૯ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- પોલીસ કર્મચારીઓના આવાસ માટે પોલીસ આવાસ નિગમને **રૂા.૧૨૫ કરોડનો** મૂડી ફાળો આપવા તથા પોલીસના રહેણાંકના અને બિનરહેણાંકના મકાનોની જાળવણી માટે રૂા.૧૫ કરોડની જોગવાઇ સૂચવેલ છે.
- રાજયમાં સાબરકાંઠા ખાતે એક નવી રાજય અનામત દળની બટાલીયન ઉભી કરવા **રૂા.૨૪ કરોડની** જોગવાઇ કરવામાં આવેલ છે.
- અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ મજબુત કરવાના હેતુસર **મણીનગર વિસ્તારમાં** ઈસનપુર, રામોલ અને પશ્ચિમ વિસ્તારમાં ગુજરાત યુનિવર્સીટી અને વસ્ત્રાપુર ખાતે એક-એક એમ કુલ ચાર નવા **પોલીસ સ્ટેશનની ૭૪૩ જગાઓ** સાથે રચના કરવા **રૂા. ૭.૪૬ કરોડનું** આયોજન.
- જેલોમાં સુવિધા વધારવા, આધુનિકરણ કરવા, નવી જેલોના બાંધકામ અર્થે **રૂા.૮ કરોડ**ની જોગવાઇ કરેલ છે તેમજ રાજયની જુદી જુદી જેલોમાં રૂા.૧ કરોડના ખર્ચે નવી જગ્યાઓ ઉભી કરવાનું આયોજન છે .
- રાજયના નાગરિકોને સલામત અને સુવિધાજનક વાહન વ્યવહારની સગવડતા આપવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમને નવી બસો ખરીદવા લોન સ્વરૂપે **રૂા.૨૦૯ કરોડ**નું આયોજન કરેલ છે.
- પૂરક પોષણ કાર્યક્રમ હેઠળ ૬ વર્ષથી નીચેના તમામ બાળકોને આવરી લેવાના લક્ષ્યાંકને સિદ્ધ કરવા **રૂા.૧૨૦ કરોડની** જોગવાઇ સૂચવેલ છે.
- ૨૬૯૫ વધારાની આંગણવાડીઓ શરૂ કરાશે.
- નિરાધાર વિધવા મહિલાઓને નાણાકીય સહાય આપવા **રૂા. ૬૧.૫૮ કરોડનું** આયોજન કરેલ છે.
- વિજ્ઞાન અને ટેકનોલોજીનું મહત્વ સ્વીકારીને ભવિષ્યમાં શિક્ષિત લોકોની રોજગારીમાં આ ક્ષેત્રનું - દાન મહત્વપૂર્ણ રહેનાર હોવાથી આગામી વર્ષમાં **રૂા.૭૮.૩૬ કરોડની** જોગવાઇ સૂચવેલ છે.
- મહેસૂલી સીટી સર્વે રેકર્ડ કોમ્પ્યુટરાઈઝડ કરવા આગામી વર્ષ માટેની જોગવાઈ **રૂા. ૫ કરોડ.**
- મામલતદાર કચેરી તથા પ્રાંત કચેરીઓના નિર્માણ તથા આધુનિકરણ માટે સૌ પ્રથમવાર ઈન્ફ્રાસ્ટ્રકચર માટેની જોગવાઈ **રૂા. ૨૦ કરોડ.**

- નાગરિકોને સ્ટેમ્પ ડ્યુટી ભરવામાં સુવિધા ઉપલબ્ધ થાય તે અર્થે **ઈ-સ્ટેમ્પીંગ પધ્ધતિ** અમલમાં મૂકાયેલ છે.
- રસ્તાઓ અને પુલો માટે એકંદરે **રૂા. ૧૨૯૨.૦૨ કરોડનું** આયોજન કરેલ છે.
- પ્રગતિપથ યોજના હેઠળ બાકી લંબાઈના રસ્તાના કામો હાથ ધરવા માટેની જોગવાઈ **રૂા. ૧૦૦ કરોડ.**
- વિકાસપથ યોજના હેઠળ શહેરી વિસ્તારમાંથી પસાર થતા બાકી રહેતા ૧૭૩ કી.મીની લંબાઈના રસ્તાના કામો હાથ ધરવા માટેની જોગવાઈ **રૂા. ૭૬ કરોડ.**
- કિસાનપથ યોજનામાં ૨૪૦૪ કી.મી.ની લંબાઈના રસ્તાની સુધારણા માટેની જોગવાઈ **રૂા. ૧૦૦ કરોડ.**
- પ્રવાસીપથ યોજના હેઠળ પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની અંદાજીત ૩૦૦ કી.મીની લંબાઈના અનુભાગોની સુધારણા હાથ ધરવા માટેની જોગવાઈ **રૂા. ૪૦ કરોડ.**
- ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓની સુધારણા માટે નાબાર્ડ સહાયિત યોજના હેઠળની જોગવાઈ **રૂા.૮૦ કરોડ.**
- રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગની નવી નવી યોજનાઓ અંગે **રૂા. ૫૦.૫૦ કરોડનું** આયોજન કરેલ છે.
- **ભારતના પ્રથમ સ્વાતંત્ર સંગ્રામ ૧૮૫૭ની ૧૫૦ જયંતિની ઉજવણીના વિવિધ કાર્યક્રમો કરવા રૂા.૨૦ લાખનું આયોજન કરેલ છે.**
- ગરીબી રેખા હેઠળ જીવતાં કુટુંબોને રાહત ભાવે ઘઉં, ચોખા મળી રહે તે માટે **રૂા.૧૧૦ કરોડ** તેમજ અંત્યોદય અન્ન યોજના હેઠળ અત્યંત ગરીબ કુટુંબોને કુટુંબ દીઠ ૨૫ કિલોથી વધારીને ૩૫ કિલો અનાજ આપવા **રૂા.૧૮ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- આદિજાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે જુદા જુદા ક્ષેત્રોમાં વર્ષ ૨૦૦૬-૦૭ની સંકલીત જોગવાઈ રૂા. ૧૩૩૫ કરોડ સામે **રૂા.૧૦૦૦ કરોડનો** વધારો કરીને વર્ષ ૨૦૦૭-૦૮માં **રૂા.૨૩૩૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- આદિજાતિ લોકોના વિવિધ માળખાકીય સુવિધા પુરી પાડવા તેમજ સર્વાંગી વિકાસ માટેની **ન્યુ ગુજરાત પેટર્ન**ની વર્ષ ૨૦૦૬-૦૭ની રૂા. ૨૬૪ કરોડની જોગવાઈ સામે વર્ષ ૨૦૦૭-૦૮ **રૂા. ૪૧૦ કરોડનું** આયોજન કરેલ છે.
- અનુસૂચિત જાતિના સંર્વાગી કલ્યાણ અને વિકાસ અંગેની જુદી જુદી યોજનાઓ માટે **રૂા.૧૩૦ કરોડ**ની ફાળવણી કરેલ છે.
- અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટેની સંકલીત જોગવાઈ વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા. ૩૧૮ કરોડની સામે ૨૦૦૭-૦૮ **રૂા. ૪૧૩ કરોડનું** આયોજન કરેલ છે.
- વિકસતી અને વિચરતી જાતિના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટેની જુદી જુદી યોજનાઓ માટે **રૂા.૨૪૫ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- ગુજરાત સૂર્વણ જયંતિ મહોત્સવ-૨૦૧૦ ના આયોજન માટે રૂા.૧ કરોડની જોગવાઇ સૂચવેલ છે.